પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૫ | ૧૫ ઓક્ટોબર, ૨૦૨૨, શનિવાર; આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હિમાચલ પ્રદેશમાં ૧૨ નવેમ્બરે મતદાન

## દેશમાં યોજાનારી ચૂંટણી જંગના શ્રીગણેશ : ગુજરાતની તારીખ ટળી : હિમાચલનું આઠ ડિસેમ્બરે પરિણામ, ગુજરાતમા આઠ ડિસેમ્બર પછી ચૂંટણીની શક્યતા, કુદરતી પરિબળોને ધ્યાનમાં રાખીને હિમાચલમાં વહેલી ચૂંટણી




અમદાવાદ, તા.૧૪

વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં દેશભરમાં યોજાનારા ચૂંટણી અખાડાના આજથી આધિકારીક શ્રી ગણેશ થયા છે. ઈલેક્શન કમિશને આજે યોજેલ પ્રેસ કોન્ફરન્સમાં હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી છે. હિમાચલમાં ૧૨ મી નવેમ્બરના રોજ મતદાન થશે અને ૮ મી ડિસેમ્બરના રોજ પરિણામો જાહેર થશે.

છેલ્લાં કેટલાંક સમયથી રાજકીય પંડિતો અનુમાન લગાવી રહ્યાં હતા કે, હિમાચલ પ્રદેશની સાથે સાથે ગુજરાત અને સંભવ હોય તો જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણી યોજવા અંગે ઈલેક્શન કમિશન નિર્ણય કરી શકે છે. પીએમ મોદીની હાકલ બાદ ચુંટણી પંચે પણ વન નેશન વન ઈલેક્શન યોજવા અંગે સહમતિ દર્શાવી હતી. ૨૦૨૨ અને ૨૦૨૩ મા યોજાનારી આ વિધાનસભા ચૂંટણીઓ આ પ્રોજેક્ટનું એક ટ્રેલર હોઈ શકે. જોકે, ઈલેક્શન કમિશને કુદરતી પરિબળોને ધ્યાનમાં રાખીને

● અનુસંધાન પાન-૭ પર

# નોર્થ કેરોલિનામાં અંધાધૂંધ ગોળીબાર

## અમેરિકામાં ફરી એક વાર ગોળીબાર : અમેરિકામાં ગોળીબારની ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે, આ અગાઉ ૯ ઓક્ટોબરના રોજ ઉત્તરી કેરોલિનામાં એક ઘરમાં ગોળીબાર થયો હતો

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકી પ્રાંત ઉત્તરી કેરોલિનાના મેયરએ ઘોષણા કરી છે કે, રહેણાંક વિસ્તારમાં થેયલા ગોળીબારમાં એક પોલીસ અધિકારી સહિત ૫ લોકોના મોત થઈ ગયા છે. રેલેમાં મેયર મેરી એન બાલ્ડવિને પત્રકારોને જણાવ્યું હતું કે, નેઉજ રિવર ગ્રીનવે પર કેટલાય લોકોને ગોળીઓ મારી દેવામાં આવી હતી, પોલીસ વિભાગે સંવેદનશીલ વિસ્તારોમાં આવેલા ઘરમાં કેદ કરી લેવામાં આવ્યા છે. કેટલાય પોલીસ વાહન અને એમ્બ્યૂલન્સને હેડીંગમમાં જોવા મળ્યા અને એક સ્પષ્ટ સર્ચ ઓપરેશન દરમિયાન અધિકારીઓ કલાકો સાથે શોધતા રહ્યા, જે થયું તેનું વિવરણ ગુરુવારે મોડી સાંજ સુધી જાહેર કર્યું નહોતું. ગવર્નર રોય કૂપરે સાંજે ૭ કલાકે થોડા સમય પહેલા ટ્વિટમાં લખ્યું હતું કે, રાજય અને સ્થાનિક અધિકારીઓ જમીન પર છે અને શૂટરને રોકવા માટે વધું લોકોને કામે લગાડી રહ્યા છે.

આ અગાઉ વેકમેડ હોસ્પિટલના પ્રવક્તા ડેબ લોરીએ કહ્યું કે, શૂટિંગ સાથે જોડાયેલ લગભગ ૪ લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પણ કોઈ બીજી જાણકારી હાલમાં મળી નથી. પોલીસે અહીંના રસ્તાઓ બંધ કરી દીધા છે. તથા સુરક્ષા એજન્સીઓની ગાડીઓ રસ્તા પર પહોંચી ગઈ છે. હેડિંગમ, નેઉજ રીવર ગ્રીનવે ટ્રેલની સરહદમાં છે અને રેલેથી લગભગ ૧૪ કિમી દૂર છે. અમેરિકામાં ગોળીબારની ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે.

# દેશનો જથ્થાબંધ ભાવ સુચકાંક ૧૮ માસના ૧૦.૭ ટકાના તળિયે

## ઓગસ્ટમાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૧૨.૪૧ ટકા હતો, સપ્ટે.૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર ૧૧.૮૦ ટકા હતો

નવી દિલ્હી, તા.૧૪

ભારતમાં મોંઘવારી દરના આંકડામાં આ મહિને વિરોધાભાસી વલણ જોવા મળી રહ્યું છે. બે દિવસ અગાઉ આવેલ ગ્રાહક સ્તરનો મોંઘવારી દર ૫ મહિનાની ટોચે પહોંચતા ફરી સરકાર અને આરબીઆઈના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. વ્યાજદર વધારાનું શસ્ત્ર ઉગામ્યા છતા સૌથી મોટા અર્થતંત્ર અમેરિકા અને ભારત જેવા સૌથી ઝડપી ગતિએ વધી રહેલ અર્થતંત્રોમાં મોંઘવારી કાબૂમાં નથી આવી રહી તેવા અવલોકનોને પગલે વિશ્વજગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતુ પરંતુ આજે આવેલ ભારતના જથ્થાબંધ મોંઘવારી દરના આંકડા રાહત આપનારા છે.



ભારતનો જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઈ) સપ્ટેમ્બરમાં ૧૦.૭ ટકાના સ્તરે પહોંચ્યો છે, જે ૧૮ મહિનાની સૌથી નીચી સપાટી છે. વાણિજ્ય મંત્રાલયે ૧૪ ઓક્ટોબરે જાહેર કરેલ આંકડા અનુસાર ઓગસ્ટમાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૧૨.૪૧ ટકા હતો. સપ્ટેમ્બર ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર ૧૧.૮૦ ટકા હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે જથ્થાબંધ ફુગાવો સપ્ટેમ્બરમાં સતત ચોથા મહિને ઘટ્યો હતો, પરંતુ છેલ્લા દોઢ વર્ષથી તે ૧૦ ટકાની ઉપર છે.

સપ્ટેમ્બરમાં ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો અગાઉના મહિનાના ૧૨.૩૭ ટકાની સરખામણીમાં ઘટીને ૧૧.૦૩ ટકા થયો હતો. મેન્યુફેક્ચરિંગ ગુડ્સ સેગમેન્ટમાં ૬.૩૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. સૌથી મહત્વના પ્રાઈમરી આર્ટિકલ્સના ફુગાવામાં ૧૧.૭૩ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

## પાવન સ્મરણ



કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગ્યો
- કવિ 'દાદ'

## હૃદયસ્થ પંકજભાઈ

કોટિયર્ક પ્રભુ નું સૂર્ય જેવું કામ
એને તમે વધુ તેજસ્વી ઓજસ્વી બનાવ્યું !
સેવા યજ્ઞનું માનવ સ્વરૂપ રહ્યાં તમે ...
તમારા ચહેરા પરનું સ્મિત ...
વ્હાલ નીતરતી આંખો અને સંપાદિત થયેલું મૌન
હંમેશા અમારા હૃદયમાં ગૂંજ્યા કરશે ...
પંકજભાઈ ના દિવ્યાત્મા ને પ્રથમ પુણ્યતિથિએ
નમન અને શ્રદ્ધાંજલિ.

ઈન્દુબેન
શોભા / સ્મૃતિ / હાર્દિકભાઈ / શ્લોક ● સંજય / સિમા / શાલીન / યુક્તિ
અમી / સચિનકુમાર / શ્રીયા / અર્ણવ

## ભાજપ સાંસદની ગહેલોતે પ્રશંસા કરતા કોંગ્રેસમાં બળવાના સંકેત

### કેન્દ્રીય કોલસા મંત્રીના ગહેલોતે વખાણ કર્યા

જયપુર, તા.૧૪

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત દ્વારા કેન્દ્રીય કોલસા મંત્રી પ્રહ્લાદ જોશીની પ્રશંસાને બળવાનો સંકેત ગણાવામાં આવી રહી છે. ભાજપ આઈટી સેલના પ્રમુખ અમિત માલવીયે રાજસ્થાનમાં રાજકીય સંકટ દરમિયાન કેન્દ્રીય મંત્રીના વખાણને બળવાના સંકેત ગણાવ્યા છે.

અમિત માલવીયે ટ્વીટ કરી લખ્યુ, કોઈ ભૂલ કરી નથી. અશોક ગેહલોત વિદ્રોહના રસ્તે ચાલી રહ્યા છે. ગૌતમ અદાણીને આમંત્રિત કર્યા બાદ રાહુલ ગાંધીના નિશાને છે. તેથી રાજસ્થાનમાં કોલસા સંકટ દરમિયાન મદદ કરવા મુદ્દે કેન્દ્રીય કોલસા મંત્રીના વખાણ કરી રહ્યા છે. ગુરુવારે જયપુરમાં સીએમ ગેહલોતે કોલસા સંકટ દરમિયાન મદદ કરવા પર કેન્દ્રીય કોલસા મંત્રીના વખાણ કર્યા હતા. સીએમ ગેહલોતે કહ્યુ કે તમે સંકટ દરમિયાન રાજસ્થાનની મદદ કરી. હુ અભિભૂત છુ.

## જ્ઞાનવાપીના શિવલિંગની કાર્બન ડેટિંગ નહીં કરવા કોર્ટનો આદેશ

વારાણસી, તા.૧૪

વારાણસી જ્ઞાનવાપી કેસમાં કોર્ટે શુક્રવારે મહત્વનો ચુકાદો આપતા કાર્બન ડેટિંગની માગણી નકારી કાઢી છે. વારાણસીના જ્ઞાનવાપી સંકુલમાં મળેલા 'કથિત શિવલિંગ'ની કાર્બન ડેટિંગ નહિ કરવાનો નિર્ણય કોર્ટે કર્યો છે. પાંચ હિન્દુ મહિલાઓએ જ્ઞાનવાપી મસ્જિદના વઝુખાનામાં મળી આવેલા શિવલિંગ જેવી રચનાની ઉંમર, લંબાઈ અને પહોળાઈ અંગે વૈજ્ઞાનિક તપાસની માંગ કરી હતી.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણને તપાસ માટે આદેશ આપવા આ અપીલ કરવામાં આવી હતી જેની માંગ કોર્ટે ફગાવી દીધી છે.

## અમદાવાદ - ગાંધીનગર ટ્વીન સિટી વચ્ચે અદ્યતન સુવિધાઓથી સજ્જ સિનિયર લિવિંગ પ્રોજેક્ટ: ઈકારિયા



અમદાવાદ-ગાંધીનગર ખૂબ ઝડપથી ટ્વીન સિટી તરીકે વિકસી રહ્યા છે. અત્યાધુનિક રોડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહનના વિકલ્પોને કારણે બંને શહેરો વચ્ચે ટ્રાવેલિંગ સરળ બની ગયું છે. આ કારણે જ શહેરની ભાગદોડથી દૂર શહેર જેવી જ સુખ-સુવિધાનો અનુભવ કરાવતી શાંતિગ્રામ ટાઉનશિપમાં એક મોર્ડન સિનિયર લિવિંગ પ્રોજેક્ટ ડેવલપ થઈ રહ્યો છે. પશ્ચિમી દેશોમાં સિનિયર લિવિંગનો કોન્સેપ્ટ દાયકાઓથી પ્રચલિત છે. સમયના પરિવર્તન સાથે ભારતમાં પણ સિનિયર લિવિંગ હોમ્સ લોકપ્રિય બની રહ્યા છે.

ગુજરાતમાં પણ આરામદાયક અને સુખ-સગવડથી સજ્જ સિનિયર લિવિંગ હોમ્સની ડિમાન્ડ વધી રહી છે. જેમના સંતાનો વિદેશ કે અન્ય શહેરમાં સ્થાયી થયા હોય અથવા વિભક્ત કુટુંબમાં રહેતા હોય તેવા વડીલો માટે સિનિયર લિવિંગ હોમ્સ એક ઉત્તમ પર્યાય છે.

અમદાવાદ-ગાંધીનગર ટ્વીન સિટી વચ્ચે અંદાજે ૬૦૦ એકરની વિશાળ જગ્યામાં વિસ્તરેલા શાંતિગ્રામ ટાઉનશિપમાં સિનિયર સિટિઝન્સ માટે રમણીય વાતાવરણ વચ્ચે 'ઈકારિયા' નામનો મોડર્ન સિનિયર લિવિંગ પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે. જેમાં આધુનિક સુવિધાઓથી સજ્જ ૧૪૦ રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટ્સ આવેલા છે.

આ પ્રોજેક્ટ એ અદાણી ગ્રૂપની રિયલ એસ્ટેટ કંપની અદાણી રિયલ્ટી અને શાન ઝવેરી, ગૌરવ ગઢેચા અને અનિરુદ્ધ ઝવેરી ના નેતૃત્વ હેઠળના 'કોલેટેડ વેન્ચર્સ'નું સંયુક્ત સાહસ છે. 'ઈકારિયા', કેર, કોમ્યુનિટી અને કમ્ફર્ટ આ ત્રણ મૂળભૂત સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી સિનિયર સિટિઝન્સને એમિનિટીસ, સર્વિસીઝ અને સિનિયર ફ્રેન્ડલી સુવિધાઓ ઓફર કરે છે.

કોલેટેડ વેન્ચર્સના પાર્ટનર શાન ઝવેરી જણાવે છે કે, "સ્વતંત્ર જીવન જીવવા માંગતા સિનિયર સિટીઝન્સ માટે ઈકારિયા યોગ્ય વિકલ્પ છે. આ પ્રોજેક્ટ સિનિયર સિટીઝન્સની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે. અહીંના રહેવાસીઓ નિશ્ચિંત પણે જીવન માણી શકે તે માટે અમે હાઉસકીપિંગ, ફૂડ તથા ડાઈનિંગ સર્વિસ વગેરે માટે વિવિધ એજન્સીઓ સાથે જોડાણ કરીશું. તેમજ ૨૪ કલાક ઈમર્જન્સી મેડિકલ સારવાર મળી રહે તે માટે અમે હોસ્પિટલ સાથે પણ ટાઈ અપ કરીશું. ઈકારિયાના રહેવાસીઓની સેવા માટે તાલીમબદ્ધ અને વિશ્વાસપાત્ર સ્ટાફ પણ હાજર રહેશે."

અહીં ઘર ખરીદનાર અમદાવાદના નિવૃત્ત બિઝનેસમેન પંકજ શાહ જણાવે છે, "સિનિયર લિવિંગ પ્રોજેક્ટમાં ફ્લેટ ખરીદ્યા પછી મળતી સર્વિસ પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ માટે કોલેટેડ ડેવલપર્સ ભરોસાપાત્ર છે. બીજો ફાયદો એ છે કે ઈકારિયામાં ઘર ખરીદવાથી હું અદાણી શાંતિગ્રામની અન્ય એમેનિટીઝનો પણ ઉપયોગ કરી શકીશ."




### સિનિયર લિવિંગ પ્રોજેક્ટની વિશેષતા

- બાથરૂમ અને કોમન પેસેજમાં એન્ટિ સ્કિડ ફ્લોરિંગ
- વિશાળ બારી-બારણા
- શાવર સીટ્સ તથા ગ્રેબ બાર્સ
- પેનિક એલાર્મ અને ઈમર્જન્સી રિસ્પોન્સ સિસ્ટમ
- હીટ, સ્મોક, ગેસ સેન્સર
- વ્હીલચેર અને સ્ટ્રેચર સરળતાથી લઈ જઈ શકાય તેવી લિફ્ટ

### વિશેષ સુવિધાઓ

- હાઉસકીપિંગ અને લોન્ડ્રી
- ફૂડ અને ડાઈનિંગ
- વેલેટ અને કન્સીયર્જ સર્વિસ
- એક્ટિવિટી કોર્ડીનેટર
- હેલ્થકેર, ફિઝીયોથેરાપી અને ઈમરજન્સી મેડિકલ સુવિધા

સિનિયર લિવિંગ હોમ્સ અંગે વધુ જાણકારી www.ikarialiving.in ઉપર ઉપ્લબ્ધ છે અથવા 95860 00593 / 95860 00594 પર સંપર્ક કરી શકો છો.